GJBH030094332023

રજુ તારીખ : ૧૮/૧૦/૨૦૨૨

નોંધ્યા તારીખ : ૧૮/૧૦/૨૦૨૨

**ફેંસલ તારીખ : ૨૯/૦૬/૨૦૨૬**

અવધિ : ૦૩વર્ષ ૦૮માસ ૧૧દિન

---

**અંકલેશ્વરના મહે.પ્રિન્સિ.સીની.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.અંકલેશ્વર.જી.ભરૂચ.**

---

**દિ.મુ.નં.૮૧/૨૦૨૩**
**આંક :–**

**વાદી :–** **દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.**
**વતી નાયબ ઈજનેરશ્રી (ગડખોલ સબડિવી.)**

**વિરૂધ્ધ.**

**પ્રતિવાદી:– (૧) ખોડભાઈ છેલાભાઈ ભરવાડ**
**રહે. પ્લોટ નં.૧૩, પદમાવતી સોસા.,**
**મુ.સારંગપુર, તા.અંકલેશ્વર, જી.ભરૂચ,**

| | |
|---|---|
| **દાવો :** | **લેણી રકમ રૂા.૭,૪૧,૭૧૩–૩૨ પૈસા વસુલ લેવાનો** |

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિ.વ.શ્રી પી.જે.બેસનવાલા |
| પ્રતિવાદી તરફે | : | વિ.વ.શ્રી ટી.ડી.જોષી |

**-::<u>ઠ રા વ</u> ::-**

(૧) વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અમો વાદી ની આપ નામ. કોર્ટને નમ્ર અરજ છે કે..., ૧. હમો વાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. ના નામથી ગુજરાત રાજયના દક્ષિણ ભાગમાં વીજળી સપ્લાય કરીએ છીએ અને તેની કોર્પોરેટ ઓફીસ સુરત ખાતે આવેલ છે તેમજ પેટા કચેરીઓ દક્ષિણ ગુજરાત રાજયમાં જુદા જુદા જીલ્લા, તાલુકાઓમાં આવેલ છે જે પૈકીની ગડખોલ સબ ડીવીઝન કચેરી ગડખોલ, અંકલેશ્વર મુકામે આવેલ છે. જેમા અંકલેશ્વર તાલુકાના કેટલાક ગામડા તથા સારંગપુર ગામનો પણ સમાવેશ થાય છે. અમો વાદી કંપની આ અગાઉ "ગુજરાત વિદ્યુત બોર્ડ" નામ ધરાવતી હતી.

૨. આ કામના પ્રતિવાદી ઉપરોક્ત મુકામે રહે છે. તેમજ આ કામના પ્રતિવાદી તે અમો વાદી કંપનીના નોંધાયેલ ગ્રાહક નથી.

૩. અમો વાદીના તાબા હેઠળના કાર્યક્ષેત્રમાં આવતા મોજે ગામ- સારંગપુર તા. અંકલેશ્વર, ખાતે ગત તા. ૨૮/૧૦/૨૦૨૦ ના રોજ ચેકીંગ ટીમ ધ્વારા વિજ પ્રસ્થાપનોનું ચેકીંગ કરવામાં આવેલ, જેમા પ્રતિવાદીને ત્યાં ચેકીંગ અધિકારી **(૧) કમલ સુખલાલ સુત્રધાર (૨) ઉદીત શ્રીનિવાસ નાગલા વિ.** નાઓ ધ્વારા સ્થળ ઉપર ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદીને અમો વાદી કંપનીના વીજ પ્રવાહનો ગેર કાયદેસર રીતે NRGP કેટેગરીના વપરાશના હેતુ માટે ચેકીંગ શીટ નં.-૨૫૩૨ માં જણાવેલ વિગતે ગેર કાયદેસર વીજ વપરાશ કરતા પ્રતિવાદીને પકડી પાડેલા. જેથી ચેકીંગ અધિકારીશ્રીએ સ્થળ પર તે અંગેનું રોજ કામ કરી, સ્થળ પરની સ્થિતિની સદર રોજ કામ (એનેક્ષર એ-૨), ચેકીંગ શીટ નં. ૨૫૩૨ માં નોંધ કરેલી અને ચેકીંગની કાર્યવાહી દરમ્યાન રૂબરૂ હાજર રહેલ વ્યકિત તરીકે પ્રતિવાદી વતી પ્રતિનીધીની સહી પણ તેના પર લીધેલી.

આમ, વીજ ચેકીંગ દરમિયાન વાદી કંપનીનો વીજ પ્રવાહ ગેરકાયદેસર રીતે ઉપયોગ થયાનું માલુમ પડતા તે અંગેની ગણતરી કરી કંપનીના નિતિ નિયમ

મુજબ પ્રતિવાદીને તા.૨૮/૧૦/૨૦૨૦ ના રોજની પકડાયેલ વીજ ચોરી અંગેનું રકમ રૂા. ૬,૦૩,૭૦૨–૦૫ પૈસાનું બીલ પણ પ્રતિવાદીને પુરુ પાડેલ હતુ. સદર કામના પ્રતિવાદીએ વીજ ચોરીના બીલની બાકી રકમ રૂા. ૬,૦૩,૭૦૨–૦૫ પૈસા ભરપાઈ ન કરતા તેઓને તે બાબતે વારંવાર જાણ કરવા છતા પ્રતિવાદીએ આજ દિન સુધી ગેર કાયદેસર વીજ જોડાણ વપરાશ અંગેના વીજ ચોરી બીલના નાંણા રૂા ૬,૦૩,૭૦૨–૦૫ પૈસા ચુકતે આપેલ નથી. જેથી પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. ચાર્જીસ તથા અન્ય ચાર્જીસના રૂા. ૧,૩૮,૦૧૧–૨૨ પૈસા પણ બાકી પડે છે. જે મળી અમો વાદીએ કુલે રકમ રૂ. ૭,૪૧,૭૧૩–૭૨ પૈસા લેવાના થાય છે.

અમો વાદીએ અમારી બાકી લેણી રકમ વસુલ મેળવવા આ કામના પ્રતિવાદીને વકીલશ્રી મારફત પણ તા. ૨૭/૦૧/૨૦૨૧ ના રોજ નોટિસ મોકલાવેલ હતી. તેમ છતાં પ્રતિવાદી સદર બાકી રકમ અમો વાદીને ચુકવતા નથી જેથી સદર રકમ વસુલ મેળવવા આ દાવો કરવો પડેલ છે.

**(૨) આ કામના પ્રતિવાદીઓને દાવા અરજીના સમન્સ/નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નાઓએ હાજર થઈ આંક–૧૩ થી વાદીની દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે,** વાદીનો દાવો ખોટો છે, જેથી અમો પ્રતિવાદીને કબુલ મંજુર નથી.વાદીના દાવાને પક્ષકારોની ખામી છે વાદીની દાનો મીસ જોઈન્ડર ઓફ પાર્ટી અને નોન–જોઈન્ડર પાર્ટીના સિધ્ધાતનો બાધ તેડે છે. વાદીએ અમો પ્રતિવાદીને આ કામમા ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા છે. જેથી વાદી નો દાવો ચાલી શકે તેમ નથી.હમો પ્રતિવાદીએ આ દાવાના જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાય નો કોઈ પણ હકીકત કે જોકરી અ મો પ્રતિવાદીને કબુલ મંજુર નથી. જેથી વાદી તે પુરવાર કર વુ જોઈએ.વાદીએ તેમની દાવા અરજીના પેરા–૧

માં જણાવેલી હકીકત અંગે અમો પ્રતિવાદીને કોઈ જાત માહિતી નથી. વાદીની દાવા અરજીના પેરા–૨ ની હકીકત ખરી નથી અને પાઠા ફેર છે જે અમોને કબુલ નથી. અમો પ્રતિવાદી, દાવા અરજી માં જણાવેલા સરનામે રહેતા નથી. ખરેખર અમો પ્રતિવાદી સારંગપુર, તા.અંક્લેશ્વરના ગામમા મકાન નં.૧૪ મા રહીએ છીએ.જે દાવાવાળુ મકાન કે પ્લોટ નથી. જેથી વાદીએ અમો પ્રતિવાદી વિરુધ્ધ ખોટો દાવો કરેલો છે.વાદીની દાવા અરજી ના પેરા–૩ ની હકીકત તદ્દન ખોટી છે અને ઉપજાવી કાઢેલ છે જેનો અમો પ્રતિવાદી સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ. વાદીની ચેકીંગ ટીમ દવારા તા.૨૮/૧૦/૨૦ ના રોજ પ્રસ્થાપન ચેકીંગ અ ધિકારી દ્બારા કરવામાં આવેલ અને પ્રતિવાદીને ગેરકાયદેસર વ ીજ પ્રવાહ કરતા પકડી પાડેલ અને સ્થળ પર થી સ્થિતીનું રોજકામ કરેલ. મને કાર્યવાહી દરમ્યાન રૂબરૂ હાજર રહેલ વ્યકિત તરીકે પ્રતિવાદી વતી પ્રતિનીધીની સહી પણ તેના પર લીધેલ અને વીજ પ્રવાહ ગેરકાયદેસર રીતે ઉપયોગ થયાનુ માલુમ પડતા ગણતરી કરી કંપનીના નિતિ નિયમ મુજબ પ્રતિવાદીને તા.૨૮/૧૦/૨૦ ના રોજ વીજ ચેકીગ અંગેનુ ચોરી અંગેનું રકમ ૬,૦૩,૭૦૨.05 પૈસા વીલ પ્રતિવાદીને પુરુ પાડેલ. તેમ છતા પ્રતિવાદી ભરવાઈ ન કરતા વકીલ મારફત[ તા.૨૭–૧–૨૧ ના રોજ પ્રતિવાદીને નોટીસ મોકલાવેલ વિગેરે તમામ હકીકતો તદન ખોટી છે. જે અમો પ્રતિવાદીને કબુલ મંજુર નથી અને તેનો સ્પષ્ટ પણે અમો પ્રતિવાદી ઈન્કાર કરીએ છીએ. વાદીને આ દાવો કરવાનું કોઈ કાયદેસર રીતે કારણ ઉત્પન્ન થયેલ નથી. કારણ કે અમો પ્રતિવાદીએ કોઈપણ રીતે ક્યારે પણ વીજચોરી કરી વપરાશ કરેલ નથી.વાદીએ ખોટો અને બનાવટી દસ્તાવેજોના કારણે દાવો કરેલ છે. જેના ઉપર

વાદી દાવાનો આધાર રાખી શકે નહિ અને એ દસ્તાવેજો અમો પ્રતિવાદીને કબુલ મંજુર નથી જે એ તમામ દસ્તાવેજ વાદીએ નિશંક પુરવાર કરવા જોઈ . વાદીના દાવા અરજીના પેરા–૬ બાબતે અમો પ્રતિવાદીને કોઈ જાત માહિતી નથી જે વાદીએ પુરવાર કરવી જોઈએ . વાદીએ તેમના દાવા અરજી ના પેરા–૭ મા વાદી એ દાવા માટેનો આંક અને રકમ અંગ જે હકીકત જણાવેલ છે તે બાબતે અમો પ્રતિવાદીને કોઈ જાત માહિતી નથી.વાદીએ તેમના દાવા અરજી ના પેરા–૮ મા જે દાદ વાદીએ અમો પ્રતિવાદીની સામે માગેલ છે તેવી દાદ કે દાદ પૈકીની કોઈ પણ દાદ વાદી મેળવવા હકકદાર થતા તથી સબબ યાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અમો પ્રતિવાદી નામદાર કોર્ટ ને અ રજ ગુજારીએ છીએ.

(૩) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| અ.નં. | આંક/ નિશાની | વિગત |
|---|---|---|
| ૧ | ૨૪ | અકબરી વિશાલ અરવિંદભાઈની સોગંદ પરની જુબાની |
| ૨ | ૪૯ | કમલ સુખલાલ સુત્રધારની સોગંદ પરની જુબાની |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | આંક/નિ | વિગત |
|---|---|---|
| ૧. | ૩૯ | પ્રતિવાદીને મોકલેલ નોટીશની નકલ |
| ૨. | ૪૦ | ડી.પી.સી કેલ્કયુલેશન શીટની નકલ |
| ૩ | ૪૧ | પરફોર્મા૧૨ ની નકલ |

| | | |
|---|---|---|
| ૪ | ૪૨ | ગ્રાહકના નિવેદનની નકલ |
| ૫ | ૪૩ | કેલ્કયુલેશન શીટની નકલ |
| ૬ | ૪૪ | ફોરવડીંગ લેટરની નકલ |
| ૭ | ૪૫ | વીજ ચોરી અંગેના બીલની નકલ |
| ૮ | ૪૬ | લેખીત પોલીસ ફરીયાદની નકલ |
| ૯ | ૪૭ | એફ.આઈ.આર નં.૨૭૦૩/૨૦ ની નકલ |
| ૧૦ | ૪૮ | દાવો દાખલ કરવાના મંજુરી પત્રની નકલ |

**(૩.૧)** ત્યારબાદ વાદી તરફે આંક–૫૫ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરવામા આવેલ છે.

**(૪)** આ દાવાના કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | આંક/નિ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૭/૧ | દસ્તાવેજની નકલ |
| ૨. | ૨૭/૨ | આકારણી પત્રકની નકલ |
| ૩. | ૨૭/૩ | વેરાની અસલ રસીદ |
| ૪. | ૨૭/૪ | બીલની નકલ |
| ૫. | ૨૭/૫ | આધારકાર્ડની નકલ |

**(૪.૧)** ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક–૬૧ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરવામા આવેલ છે.

(૫) આ કામે મારા પુરોગામી પ્રીસાઈડીંગ ઓફીસરશ્રી નાઓએ ઉપરોકત રજુ થયેલ પ્લીડીંગ તથા દસ્તાવેજી પુરાવાને આધારે નીચે મુજબના મુદાઓ આંક–૪૦ થી ઘડવામાં આવેલ છે.

**:મુદ્દા:**

1. Whether the plaintiff proves that the defendant has committed a theft of electric energy?

2. Whether the plaintiff proves that the amount of Rs. 6,03,702-05 paisa is outstanding due from the defendant towards theft bill dated 28-10-2020?

3. Whether the plaintiff proves that the plaintiff is entitled to recover amount of Rs. 6,03,702-05 paisa from the person and properties of defendant?

4. Whether the plaintiff is entitled to get interest? If yes, at what rate?

5. Whether the plaintiff is entitled to the relief as prayed for?

6. What order and decree?

**(૫.૧) ઉપરોકત મુજબના મુદાઓના જવાબ નીચે મુજબ નિર્ણીત કરવામાં આવે છે.**

૧. હકાર

૨. હકાર

૩. હકાર

૪. હકાર

૫. અંશત: હકાર

૬. આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદાના જવાબના કારણોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે. આ કામે મુદા નં.૧ થી ૫ ના મુદાઓની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોય. મુદા નં.૧ થી ૫ ના મુદાઓની ચર્ચા હકીકતો અંગે પુરાવાનુ પુનરાર્વતન ટાળવા માટે એક સાથે કરવામાં આવેલ છે.

**(૬.૧) આ કામે વાદીના વિધ્વાન વકિલશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે,** આ કામે વાદીને પ્રીમાઈસીસમાં વીજ વપરાશ વાદી વીજ પ્રવાહનો ગેરકાયદેસર રીતે એન.આર.જી.પી કેટેગરીના વપરાશનો હતો માટે ચેકીંગ સ્લીપ નં.૨૫૩૨ માં જણાવેલ વિગત ગેરકાયદેસર વીજ વપરાશ કરતા વાદીના માણસો પકડી પાડેલા અને ચેકીંગ થયેલ. વાદીના અધિકારીએ રોજકામ કરેલ જેમાં પ્રતિવાદી ચેકીંગ કાર્યવાહી વખતે હાજર રહી ન શકતા પ્રતિવાદી વતી તેઓના પ્રતીનીધી હાજર રહેલ તેઓની સહી લીધેલ. તેમજ પ્રતિવાદીનો એવો બતાવ છે કે, સ્થળ ચેકીંગવાળી જગ્યાનાં તેઓ માલીક નથી પરંતુ ચેકીંગવાળા સ્થળ ઉપર પ્રતિવાદીનો પુત્ર નામે ગોપાલભાઈ હાજર મળેલ અને તે સગીર હોવાથી તેઓના પિતાને ફોન પર વાત કરતા પ્રતિવાદીએ તેમના પ્રતિનીધી

તરીકે ભરતભાઈ બોરીયાને સ્થળ પર હાજર રખાવેલ. જેથી વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદીની કબજા ભોગવટાની હોવાની હકીકત પુરવાર થાય છે અને વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીએ વાદગ્રસ્ત મિલકત ઉપર ગેરકાયદેસર રીતે વાદીના વીજ પ્રવાહની ચોરી કરી ગેરકાયદેસર ઉપયોગ કરી રૂ.૬,૦૩,૭૦૨.૫ પૈસા પ્રતિવાદી પાસે લેવાના નિકળે છે. આ રકમ વાદી પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર બનતા હોય. વાદીનો દાવો મંજુર કરી દાવામાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

**આ કામે પ્રતિવાદીના વિધ્વાન વકિલશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે,** વાદીએ જે દાવો કરેલ છે તે ગેરકાયદેસર છે તેમજ વાદી દાવાની હકકીત પુરવાર કરી શકેલ નથી તેમજ જે મુદા કાઢવામાં આવેલ છે તે પણ વાદીએ પુરવાર કરેલ નથી તેમજ વાદીએ જે બીલ આપેલ છે તે બીલવાળી જગ્યા પ્રતિવાદી વાપર ઉપયોગ કરતા હોય અને પ્રતિવાદીની માલીકીની હોય તેવો કોઈ પુરાવો પ્રતિવાદીએ રજુ કરેલ નથી. વાદીએ આંક–૪૨ થી જે બીલ રજુ કરેલ છે તેમાં મારી કોઈ સહી નથી. આંક–૪૨ થી પંચનામામાં ભરતભાઈ વનાભાઈ બોરીયાને પ્રતિનીધી તરીકે બતાવવામાં આવેલ છે તે બાબતનો કોઈ પુરાવો તેવો ખોડાભાઈના પ્રતિનીધી હોય તેવુ રજુ કરેલ નથી તેમજ ફોન રેર્કોડીગ રજુ કરેલ નથી તેમજ આ કામે વાદગ્રસ્ત જગ્યાનો કોઈ ફોટોગ્રાફ રજુ કરેલ નથી. વાદીએ સ્થળ પર ચોરીનુ બીલ બનાવવામાં આવેલ છે તે જગ્યા પ્રતિવાદી વાપર ઉપયોગ કરતા હોય તેવુ પુરવાર થતુ નથી. જેથી વાદીનો દાવો રદ થવા પાત્ર છે. પ્રતિવાદીએ આંક–૫૮ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે તેમા પણ વાદી ઉલટતપાસમાં આવી કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી કે જે જગ્યા પર બીલ બનાવવામાં આવેલ છે તે જગ્યાનો વાપર ઉપયોગ પ્રતિવાદી કરતા હોય કે ભરતભાઈ બોરીયા પ્રતિવાદીના પ્રતિનીધી હોય. જેથી પ્રતિવાદી પાસેથી ખોટી રીતે નાણા પડાવવા હાલનો દાવો દાખલ કરેલ છે. આ કામે પંચનામાની હકીકત પુરવાર થતી નથી તેમજ

વાદગ્રસ્ત મિલકતમાં પ્રતિવાદી આર.ઓ પ્લાન્ટ ચલાવતા હોય અને આર.ઓ પ્લાન્ટની માલીકી પ્રતિવાદીની હોય તેવો કોઈ પુરાવો વાદીએ રજુ કરેલ નથી તેમજ બીલમાં જણાવેલ ઈલેકટ્રીક આઈટમના અમો પ્રતિવાદી માલીક હોઈએ તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આવા સંજોગોમાં વાદી મુદા નં.૧ થી ૫ ના મુદાની હકીકત પુરવાર કરી શકતા ન હોય. વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

આ કામે વાદીએ આંક–૨૪ થી સી.પી.સી ઓર્ડર–૧૮ રુલ –૪ મુજબનો અકબરી વિશાલ અરવિંદભાઈના નામનુ પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે તેમજ તેઓએ તેમની દાવા અરજીમાં જે હકીકત જણાવેલ છે તે જ હકીકત પુરાવાના સોગં દનામા માં જણાવેલ છે. આ સાહેદ એની ઉલટતપાસમાં કબુલ કરે છે કે હું ૧૨ વર્ષથી નોકરી કરુ છુ તેમજ આ સાહેદ રેકર્ડ આધારીત જુબાની આપે છે તેમાજ આ સાહેદને સુચક પ્રશ્ન પુછવામાં આવેલ તેનો તેમને ઈનકાર કરેલ છે.

આ કામે આંક–૪૯ થી કમલ સુખલાલ સુત્રધારનુ સી.પી.સી ઓર્ડર–૧૮ રુલ –૪ મુજબનુ સોગંદનામુ રજુ કરેલ છે તેઓએ તેમની સરતપાસમાં વાદીની દાવા અરજીને સમર્થન કરતી વિગત જણાવેલ છે. આ સાહેદે તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે મારી જુબાનીમાં મીરાનગર સોસાયટીમાં પ્લોટ નં.૭૮ ની બાજુમાં જે વીજ ચોરી માટેનો કેસ કરેલ તેમાં તે સ્થળનો કોઈ પ્લોટ નંબર કે દિશા જણાવેલ નથી પરંતુ ત્યાં જે મીટર વગર વીજ ચોરી ચાલતી હતી ત્યાં કુલ ૧૮.૦૩ એમ્પીયર લોડ ચાલુ હતો અને ત્યાં આર.ઓ પ્લાન્ટ ચાલુ હતો. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે ચેકીંગ દશ્રમ્યાન જયાં આર.ઓ પ્લાન્ટનુ વીજ જોડાણ ડાયરેકટ મીટર વગર ચાલતુ હતુ ત્યાં શ્રી ગોપાલભાઈ ખોડાભાઈ ભરવાડ હાજર હતા એમની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે આ આર.ઓ પ્લાન્ટનુ જે સંચાલન કરે છે તેના માલીક શ્રી ખોડાભાઈ ઘેલાભાઈ ભરવાડ છે અને હાલમાં તે બહારગામ છે તેથી માલીકે તેમના પ્રતિનીધી તરીકે ભરતભાઈ ભાનીયાભાઈને મોકલેલ છે કારણકે માલીકનો પુત્ર ગોપાલભાઈ સગીર વયના હતા.

વધુમાં જણાવે છે કે સ્થળ પર અમે જયારે ચેકીંગ કર્યુ તે સમયે ગોપાલભાઈએ ફોનમાં ખોડાભાઈ સાથે અમારી વાત કરાવેલી અને ખોડાભાઈએ પોતે જણાવેલ કે આર.ઓ પ્લાન્ટમાં હું હમણા આવી નહી શકુ અને મારા પ્રતિનીધી તરીકે ભરતભાઈને મોકલુ છુ. ભરતભાઈને પુછતા તેઓએ જણાવેલ કે આ આર.ઓ પ્લાન્ટ શ્રી ખોડાભાઈ ચલાવે છે. તેઓએ તેમના પ્રતિનીધી તરીકે મને મોકલ્યા છે. આ સાહેદે વધુમાં કબુલેલ છે કે એ વાત ખરી છે કે આંક–૪ર ના નિવેદનમાં ગોપાલભાઈનો નંબર જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રતિવાદીએ જે પ્રતિનીધીને મોકલેલ છે તેનો ફોન નંબર તથા તેની સહી આંક–૪ર ના નિવેદનમાં છે. એ વાત ખરી છે કે જે તે વખતે ચેકીંગ કર્યુ ત્યારે ગોપાલભાઈ સગીર વયના હતા. એ વાત ખરી છે કે આ કામે કોઈ પોલીસ રીર્પોટ જુબાની સાથે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વીજ ચોરીની એફ.આઈ.આર દાખલ કર્યા પછી આગળની તપાસ પોલીસ કરતી હોય છે અને તેનો રીર્પોટ પોલીસ પાસે હોય છે. એ વાત ખરી છે કે ચાલુ લાઈનમાં ટેપીંગ કરવુ હોય તો લાઈન બંધ કરીને કામ કરવાનુ હોય છે. એ વાત ખરી છે કે અમે જે તે વખતે ભરતભાઈનો કોઈ આધાર પુરાવો લીધો ન હતો કારણકે પ્રતિવાદીએ ભરતભાઈને પ્રતિનીધી તરીકે નીમેલાનુ જણાવેલ તેમજ પ્રતિવાદીના પુત્રએ ભરતભાઈને ઓળખી બતાવેલા. એ વાત ખરી છે કે ૪૦ અને ૪૧ વાળા દસ્તાવેજ બનાવવાની જવાબદારી પેટા વિભાગ કચેરીની હોય છે. એ વાત ખરી છે કે આર.ઓ પ્લાન્ટના માલીક પ્રતિવાદી હોય તેનો કોઈ પુરાવો મેં લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફોન પર ખોડાભાઈ સાથે વાત કરતા એમણે પોતે જણાવેલ કે આ આર.ઓ પ્લાન્ટ મારા ધ્વારા ચાલે છે એના માટે હું મારા પ્રતિનીધી તરીકે મોકલુ છુ જે ભરતભાઈએ રૂબરૂ સ્થળ પર જણાવેલ કે આના માલીક ખોડાભાઈ છે. આ સાહેદે ઉચ્ચક પ્રશ્ન પુછવામાં આવેલ છે તેનો તેને ઈનકાર કરેલ છે.

આ કામે પ્રતિવાદી તરફે આંક–૫૮ થી સી.પી.સી ઓર્ડર–૧૮ રુલ–૪ મુજબના પુરાવાનુ સોગંદનામુ તેઓએ રજુ કરેલ છે તેમા તેઓ તેમના દાવા જવાબમાં જે હકીકત જણાવે છે તે જ હકીકત પુરાવાના સોગંદનામામાં જણાવે છે. આ સાહેદે તેઓની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે હું મારી પત્ની તથા મારા બે દિકરા નામે ગોપાલ અને જયેશ અને ૩ દિકરીઓ એક ઘરમાં રહીએ છીએ. મને કોઈ દાવાવાળુ બીલ મળેલ નથી. એ વાત ખરી છે કે મેં વીજ ચોરીના અનુસંધાને દાવો દાખલ થયા પહેલા વીજ કંપનીને કોઈ લેખીત જાણ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના કેસ સીવાય મારી સામે વીજ ચોરીનો કેસ ચાલે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે કેસ આ બનાવનો જ કેસ છે. આ સાહેદને સુચક પ્રશ્ન પુછવામાં આવેલ છે તેનો તેને ઈનકાર કરેલ છે.

**(૬.૨)** આ કામે વાદીએ આંક–૪ર થી ગ્રાહકનુ નિવેદન રજુ કરેલ છે. તેમાં પ્રતિવાદીના પ્રતિનીધી તરીકે તેઓએ નીમેલ ભરતભાઈની સહી છે તેમજ સ્થળ પર ખોડાભાઈ ઘેલાભાઈ ભરવાડ હાજર રહેલ અને તેઓએ જણાવેલ કે આર.ઓ પ્લાન્ટના માલીક તેમના પિતાશ્રી ખોડાભાઈ ઘેલાભાઈ ભરવાડ છે અને તેમની સાથે વાતચીત કરતા તેઓ બહારગામ હોય. જેથી સ્થળ પર આવી શકે તેમ ન હોય અને ગોપાલભાઈની ઉમંર ઓછી હોવાથી ખોડાભાઈએ પ્રતિનીધી તરીકે ભરતભાઈ વનાભાઈ બોરીચાને ચેકીંગ સ્થળ પર મોકલી આપેલ અને તેમની હાજરીમાં પંચનામુ કરી તેમની સહી લીધેલ છે. આ હકીકત અને ત્યાં લાઈનમાંથી વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલ છે તેવી હકકીત પંચ રોજકામમાં જણાઈ આવે છે તેમજ પ્રતિવાદી તરફથી આ હકીકતની પુરાવા અધિનીયમની જોગવાઈ મુજબ ખંડન કરવામાં આવેલ છે. જેથી પ્રતિવાદીએ વીજ ચોરી પ્રવાહ ચોરી કરેલાની હકીકત પુરવાર થાય છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપુ છુ.

**(૬.૩)** આ કામે ઉપર મુજબની ચર્ચા કર્યા મુજબ છેલ્લા પ્રતિવાદીએ વીજ ચોરી કરેલાની હકીકત પુરવાર થાય છે અને તેના અનુસંધાને વાદી કંપની તરફથી પ્રતિવાદીને આંક–૪૨ તેમજ ૪૪ થી જે દસ્તાવેજો રજુ કરેલ છે તે ધ્યાને લેતા વાદીના પ્રતિવાદી પાસે રૂ.૬,૦૩,૭૦૨.૫ પૈસા બાકી નીકળતા હોવાનુ પુરવાર થતી હોય મુદા નં .૨ નો જવાબ હકારમાં આપુ છુ.

**(૬.૪)** આ કામે ઉપરોકત મુદા નં.૧,૨ ની ચર્ચા કર્યા મુજબ જયારે વાદીએ મુદા નં.૧,૨ ની હકીકત પુરવાર થાય છે તેવા સંજોગોમાં વાદી મુદા નં.૨ માં જણાવેલ હકકીત પ્રતિવાદી પાસેથી કે તેવી મિલકતમાંથી વસુલ કરવા હકકદાર બનતા હોવાનુ પુરવાર થતુ હોય મુદા નં.૩ નો જવાબ હકારમાં આપુ છુ.

**(૬.૫)** આ કામે ઉપરોકત મુદા નં.૧ થી ૩ ની ચર્ચા કર્યા મુજબ વાદી પ્રતિવાદી પાસેથી દાવાની તારીખથી હોવાનુ પ્રવર્તમાન ધંધાકીય વ્યવહારો તેમજ બાકીનો વ્યાજનો દર આધારે ધીરધારનો વ્યાજનો દર વાર્ષીક ૯ ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર હોય. આમ વાદી પ્રતિવાદી પાસેથી વાર્ષીક ૯ ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર બને છે તે રીતે મુદા નં.૪ નો જવાબ હકારમાં આપુ છુ. ઉપરોકત મુદા નં.૧ થી ૪ ની ચર્ચા કર્યા મુજબ વાદી પ્રતિવાદી પાસેથી અન્ય ચાર્જીસ મેળવવા હકકદાર હોય તેવુ આ અદાલત માનતી નથી તેવા સંજોગોમાં વાદીના મુદા નં.૧ થી ૫ નો જવાબ અંશત: હકારમાં આપુ છુ. મુદા નં.૬ નો જવાબ નીચે આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

**::હુકમ::**

**૧.** આ કામે વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમ કરવામાં આવે છે. આ કામે વાદી પ્રતિવાદી પાસેથી દાવાની તારીખથી વસુલ થતા સુધી રૂ.૬,૦૩,૭૦૨.૫ પૈસા વાર્ષીક ૯ ટકા લેખે પ્રતિવાદીની હરજાત તથા તેની મિલકતમાંથી વસુલ મેળવવા હકકદાર બને છે તેવુ ઠરાવવામાં આવે છે.

**૨.** આ કામે વાદી તથા પ્રતિવાદીઓને થયેલ તમામ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** હુકમ મુજબનું હુકમનામુ દોરવુ.

હુકમ આજ તા.૨૯ મી, માહે:જૂન, સને –૨૦૨૬ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: અંકલેશ્વર
તા.૨૯/૦૬/૨૦૨૬

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**
કોર્મશીયલ કોર્ટ,
અંકલેશ્વર.
કોડ નં.GJ00664

(STENO: P.J.PANARA )